# મહાનિબંધનો સંક્ષેપ

Synopsis of the Thesis for the Ph.D. Degree in Gujarati entitled 'Sagar as Poet, Philosopher and Prose-writer' - Submitted by Anilkumar Y. Tripathi.

## મહાનિબંધનો સંક્ષેપ

કવિ, તત્ત્વચિંતક અને ગદ્યલેખક તરીકે 'સાગર'

- અનિલકુમાર યો. ત્રિપાઠી -

## કવિ, તત્ત્વચિંતક અને ગદ્યલેખક તરીકે 'સાગર'

## પ્રથમ વિભાગ : 'સાગર'ની જીવનરેખા

### પ્રકરણ ૧ : સંસ્કારવારસો

'સાગર'ના પિતા શ્રી દામોદરદાસની શિક્ષક તરીકેની સેવાભાવી કારકિર્દી જંબુસરમાં ઇ.સ. ૧૮૮૩ ની ફેબ્રુઆરીની સાતમી તારીખે 'સાગર'નો જન્મ - એમને પિતા તરફથી સ્વતંત્રતાપ્રિય સ્વભાવ, સાહિત્ય પ્રત્યેની અભિરુચિ અને જનસેવાનો આદર્શ વારસામાં મળેલાં - ઇ.સ. ૧૯૦૩ના ડીસેમ્બરની સત્તરમી તારીખે પિતા દામોદરદાસનો અકાલ દેહાન્ત.

### પ્રકરણ ૨ : રાગ અને વિરાગની વચ્ચે

બાલ્યાવસ્થા અને વિદ્યાભ્યાસ - ઇ.સ. ૧૮૮૭-૯૪ - પ્રાથમિક અને માધ્યમિક કેળવણી - સાહિત્યના સંસ્કારો - ઇ.સ. ૧૮૯૫ માં બાર વર્ષની વયે લગ્ન - 'દાઝયા ઉપર ડામ' પાદપૂર્તિ હરીફાઇમાં પ્રથમ ઇનામ - ઇ.સ. ૧૮૯૮ માં મેટ્રિકમાં વર્ગમાંથી અભ્યાસને તિલાંજલિ - 'ગુલાબસિંહ', 'સરસ્વતીચંદ્ર' અને સ્નેહમુદ્રાનો અભ્યાસ - ઇ.સ. ૧૯૦૧માં સ્વામી રામાનંદનો પરિચય અને તે દ્વારા ધાર્મિક સંસ્કારોને પોષણ - આ સમયમાં મણિલાલ અને ગોવર્ધનરામનો

તલસ્પર્શી અભ્યાસ – ઇ.સ. ૧૯૦૩માં પિતાના થયેલા અકાલ દેહાન્તથી 'સાગર'નું વૈરાગ્ય પ્રત્યેનું વલણ – ઇ.સ. ૧૯૦૪માં સ્વામી સ્વયંપ્રકાશજી સાથેની મુલાકાત અને અખાનો અભ્યાસ – ઇ.સ. ૧૯૦૫માં 'કાન્ત' દ્વારા 'કલાપી'ના કેકારવનો અભ્યાસ અને તે જ અરસામાં 'કલાપી' નો ગુરુ તરીકે સ્વીકાર – ઇ.સ. ૧૯૦૫માં પિતામહનો દેહાન્ત અને પ્રવૃત્તિ અને નિવૃત્તિ વચ્ચે 'સાગર'ની ડોલાયમાન ચિત્તવૃત્તિ.

## પ્રકરણ ૩ : સ્નેહયોગનો પૂજારી

ઇ.સ. ૧૯૦૬ થી ઇ.સ. ૧૯૦૯ સુધી 'સાગર'ની સાહિત્ય-પ્રવૃત્તિ – ઇ.સ. ૧૯૧૩માં 'ગુજરાતી ગઝલિસ્તાન'નું સંપાદન – વૈરાગ્યની ભાવના વધતાં ઇ.સ. ૧૯૧૩ના ઑક્ટોબરની ચોવીસમીએ તપશ્ચર્યા માટે સ્નેહયોગના પૂજારીનું હિમાલયપ્રયાણ.

## પ્રકરણ ૪ : આત્મસાધના અને તે પછીનું જીવન

એકાન્તસેવન દરમ્યાન તત્ત્વજ્ઞાનના વિશિષ્ટ ગ્રંથો 'અવધૂત ગીતા', 'વિચારમાલા', 'યોગવાસિષ્ઠ', 'અખાની વાણી' અને અન્ય સંતોની વાણીનો અભ્યાસ તેમ જ પ્રણવમંત્રનો સતત જપ – અજાતવાદ અને સૂફીવાદના સમન્વય દ્વારા 'સાગર'ની સાધનાની પૂર્ણતા – ઇ.સ. ૧૯૧૫માં ગુજરાતમાં આગમન અને ચિત્રાલ (તા. પાદરા) ગામ બહાર પર્ણકુટિ બનાવી હિન્દુ સૂફી ફકીર તરીકેનું એકાન્તિક જીવન-ઇ.સ. ૧૯૩૬ સુધી – ઇ.સ. ૧૯૩૬ના ઑગસ્ટની સત્તરમી તારીખે સ્થૂલદેહનો ત્યાગ.

## પ્રકરણ ૫ : 'સાગર'નું સાહિત્યિક જીવન અને તેના પ્રેરક બળો

મણિલાલ, ગોવર્ધનરામ તથા 'કલાપી' ના અભ્યાસની અસર – પ્રો. આનંદશંકર ધ્રુવ, રમણભાઇ નીલકંઠ, કૃષ્ણલાલ ઝવેરી,

કેશવ હર્ષદ ધ્રુવ, 'કાન્ત' તેમ જ હાજી મહમ્મદ અલારખિયા શિવજી સાથેના સાહિત્યિક સંબંધો.

'કાન્ત'ના પરિચય ધ્વારા સ્વીડનબોર્ગનો અભ્યાસ – "'કલાપી'ના કેકારવ" ધ્વારા 'સાગરે' કરેલો પ્રેમધર્મનો સ્વીકાર અને જગતભરના પ્રેમચિંતકો તેમ જ સૂફી સંપ્રદાયના ગ્રન્થોનો વિશિષ્ટ અભ્યાસ – આધ્યાત્મિક પ્રવાસમાં પાશ્ચાત્ય વિચારકો સ્વીડનબોર્ગ, જેમ્સ એલન તેમ જ સૂફી સંપ્રદાયના "મસ્નવી" અને "ગુલ્શને રાઝ" ની સીધી અસર.

'સાગર'ના તત્ત્વજ્ઞાનમાં સૂફીવાદ અને અજાતવાદનું અદ્ભુત સંમિશ્રણ.

.....

## વિભાગ ૨ : કવિ તરીકે 'સાગર'

## પ્રકરણ ૧ : પ્રારંભકાળની કવિતા

'દારૂડ્યા ઉપર ડામ'ની પાદપૂર્તિ હરીફાઈમાં કવિ દલપતરામના હાથે ઇનામ પ્રાપ્ત થતાં કવિતારચના માટેની યોગ્ય માનસિક ભૂમિકા – માધ્યમિક કેળવણી દરમ્યાન સાહિત્ય પ્રત્યેની અભિરુચિ – સંસ્કારો – ઇ.સ. ૧૮૯૮માં મણિલાલ, ગોવર્ધનરામ અને 'કલાપી'ના સાહિત્યની સાધના દ્વારા સાહિત્યપ્રવૃત્તિ તરફ અભિમુખ થતું 'સાગર'નું હૃદય – પ્રારંભકાળની કવિતા-રચનાનાં પ્રેરક બળો – વિષય અને છંદોવૈવિધ્ય – લગ્નજીવનમાં નિષ્ફળતા – પિતાનો અકાળ દેહાન્ત – જગતની કુટિલતા ને રૂઢિની જડતાને પરિણામે પ્રગટેલી જગત પ્રત્યેની વિરાગની પ્રબળ ભાવના – તેને લીધે હૃદયમાં જાગેલી એકમાત્ર પરમાત્મા પ્રત્યેની દૃઢ શ્રધ્ધા – પ્રભુપ્રેમની તીવ્ર ઝંખના – "મારી કવિતા – કવિતા નથી પણ મારી કવિતા મારું જીવનચિત્ર છે". 'સાગર'નું આ વિધાન 'દીવાને સાગર' દફતર પહેલાંના પ્રથમ ત્રણ તબક્કા માટે યથાર્થ.

પ્રારંભકાળનાં કાવ્યોમાં હરિવિરહનું રુદન, પશ્ચાત્તાપ, હૃદયનું મંથન અને પરમાત્મપ્રાપ્તિ સુધીનો 'સાગર'ના હૃદયનો થતો ક્રમિક વિકાસ – ગઝલો, ભજની ગીતો ઊર્મિગીતો અને છંદોબધ્ધ કાવ્યોની રચના સવિશેષ.

<u>ગઝલો – બાહ્ય સ્વરૂપ</u>: છંદના સ્વરૂપની દૃષ્ટિએ, રદીફ કાફિયાના અનુબંધની દૃષ્ટિએ શિથિલતા – હઝજ, રજ્ઝ, રમલ અને મહઝૂફ છંદોનું નિયોજન – સ્વરૂપની દૃષ્ટિએ લીધેલી છૂટ – પ્રાસ-યોજનામાં તેમ જ ગઝલના બંધારણમાં શિથિલતા – કલ્પના તેમ જ ચિત્રાત્મકતા વિશિષ્ટ તત્ત્વ – ગઝલોનો ઉપાડ, શૈલી, સંબોધન,

૫

ઉપદેશાત્મક કથન, કદીક પ્રશ્નાર્થક કે નાટયાત્મક ઉપાડ - વિભિન્ન શૈલીના નમૂના - સંસ્કૃત - ગુજરાતી તેમજ ફારસી શબ્દોનો વિપુલ વિનિયોગ.

અંતઃ સ્વરૂપ : રાગ અને વિરાગની વચ્ચે કવિનું ડોલાયમાન ચિત્ત અને ગઝલો ધ્વારા તેનું નિરૂપણ - 'આશકનો એકરાર' ગઝલમાં ઇશ્કે હકીકીનું સૌપ્રથમ નિરૂપણ - પ્રભુપ્રાપ્તિ માટેનું મંથન - માયાના આવરણ માટે પશ્ચાત્તાપ, જીવનની કરુણતાનું આલેખન, હરિવિરહનું દર્દ, મસ્તી-ખુમારી, જગતની દાંભિકતા પર કટાક્ષ, બ્રાહ્મણાડંબર પર પ્રકોપ, હૃદયની સચ્ચાઇ, આત્મપરીક્ષણની ચોકસાઇ - પ્રબળ ઊર્મિનું આલેખન - બાલ, મણિલાલ અને 'કલાપી' ની અસર.

અંજની ગીતો : સ્વરૂપની દૃષ્ટિએ વૈવિધ્ય - જગતના સંબંધોનો ત્યાગ કરવાની ભાવનાને પરિણામે હૃદયમાં પ્રગટેલા સંઘર્ષનું નિરૂપણ - 'કાન્ત'ના પરિચય ધ્વારા બાઇબલની અસર - શુધ્ધ સ્વરૂપમાં ચાર ચરણ, પહેલાં બેનો પ્રાસ, પ્રથમ કે દ્વિતીય ખંડકમાં પાંચ પંક્તિઓ - સ્વરૂપની દષ્ટિએ મર્યાદા - બે અંજનીગીતોનો અનુબંધ - સોનેટમાળાની માફક અંજનીમાળા, 'સાગર'નું વિશિષ્ટ પ્રદાન - અંજની ગીતોનું વૈશિષ્ટય - ભાવનું યથાર્થ નિરૂપણ - સચોટતા - ચિત્રાત્મકતા - શબ્દમાધુર્ય - વર્ણાનુપ્રાસ ધ્વારા અર્થગાંભીર્ય, ઊર્મિનું સચોટ આલેખન, નાટયાત્મક શૈલી, 'સાગર'ના અંજની ગીતોનાં વિશિષ્ટ લક્ષણો - બાઇબલના ભાવાનુવાદોમાં સચોટ અભિવ્યકિત - 'કાન્ત' અને 'કલાપી'ની માફક અનુવાદ અને મૌલિક સર્જન, બન્ને દૃષ્ટિએ અંજની ગીતોની પરંપરામાં 'સાગર'નો નોંધપાત્ર ફાળો.

ઊર્મિકાવ્યો : પ્રારંભકાળનાં ગેયકાવ્યોમાં વિષયવૈવિધ્ય - પ્રકૃતિવર્ણન - ગુજરાત પ્રત્યેની ભકિત - કવિની આર્તદશાનું નિરૂપણ - શબ્દના કે વર્ણના પુનરાવર્તન ધ્વારા સંગીતક્ષમતા, ઊર્મિકાવ્યોનું વિશિષ્ટ લક્ષણ - કલ્પના, શબ્દલાલિત્ય, શબ્દમાધુર્ય ધ્વારા અર્થની

પ્રવાહિતા – આત્મપ્રવાસીનો ક્રમિક વિકાસ – હૃદયની તે સમયની દશાનું ભાવપૂર્ણ નિરૂપણ.

## પ્રકરણ ૨ : હૃદયમંથન

ઇ.સ. ૧૯૦૧ થી ઇ.સ. ૧૯૧૩ સુધીની કવિતામાં વિરહનું દર્દ, હૃદયમંથન – આ કાવ્યોની સમીક્ષા – સ્નેહયોગ ધ્વારા સર્વસમર્પણ કરી પ્રેમબ્રહ્મ સુધી પહોંચવાનો 'સાગર'નો પ્રયત્ન – સાચું ધ્વિજજીવન – બ્રાહ્મીજીવન પ્રાપ્ત કરવાનો નિર્ણય – આન્તરત્યાગ વડે બાહ્ય દ્રષ્ટિનો લય કરી દ્રશ્ય પ્રપંચ સાથેના સર્વ સંબંધોથી અતીત થવાની ભાવના – પ્રેમધર્મ ધ્વારા જીવનસિધ્ધિ પ્રાપ્ત કરવાનો એમનો દૃઢ નિર્ણય – તે માટે પ્રેમબ્રહ્મકૃપાની યાચના – સર્વસમર્પણ – ફનાનો રાહ – પ્રેમમાર્ગ – અશ્રુયોગનું મહત્ત્વ – પરમાત્મદર્શનની ઝાંખી અદ્રશ્ય થતાં કવિની અચેતન દશાનું 'મૂર્છના' કાવ્યમાં સચોટ નિરૂપણ – 'મૂર્છના' પછીનાં 'સાગર'નાં આત્મવિશ્લેષણાત્મક કાવ્યોમાં આત્માનુભવની ઝાંખી – તેની પશ્ચાદ્ભૂ 'અશ્રુયોગ'માં – પ્રેમની અનન્યતા ધ્વારા સનમ – પ્રેમબ્રહ્મ સાથેની પોતાની એકતાનો સ્વાનુભવ – 'મારી સનમ' ગઝલમાં તેમ જ 'દિલને રજા'માં વાસનાક્ષય – મનોનાશ માટે હિમાચલનિવાસનો પોતાનો દૃઢ નિર્ણય – હરિવિરહની ઉત્કટ વ્યથાનું આલેખન – 'મૂર્છના'થી 'એક મહાન ભૂલ' સુધીનાં કાવ્યોમાં આત્માનુભવની માત્ર ઝાંખી – સનમ સાથેની એકતાના આનંદનું દર્શન થતું નથી – કોઇની સાથે કશો વિશિષ્ટ સ્નેહ એ માયા એમ સમજી, 'એક મહાન ભૂલ'માં પોતાના હૃદયની નિર્બળતાનો સ્વીકાર – પરમાત્મકૃપાની યાચના – પરમાત્મા પ્રત્યેની દૃઢ શ્રધ્ધા, હૃદયમાં ફકીરીનો પૂરેપૂરો રંગ – ગોપી જેવી ભક્તિની દૃઢ લીનતા ધ્વારા જગત પ્રત્યેની મોહમયી દ્રષ્ટિનો વિલય – સૂક્ષ્મ વાસનાઓનો પણ ક્ષય – મનોનાશ – હૃદયની વિશુધ્ધિ –

માર્ગમાં દઢતાનો આગ્રહ – બાહ્ય દષ્ટિનો લય થતાં માયાનું શમન.

'એક મહાન ભૂલ' (ઇ.સ. ૧૯૧૩) પછીની 'સાગર'ની કવિતામાં હૃદયનું મંથન કે વિરહનું દર્દ નથી – આત્માનુભવની મસ્તી – પરમાત્મા સાથેની એકતાના આનંદની અભિવ્યકિત – ઇ.સ. ૧૯૧૩–૩૬ લાગલગાટ ૨૩ વર્ષ સુધી પોતાના આધ્યાત્મિક જીવનની પૂર્ણતા પ્રાપ્ત કરી, આત્માનુભવની મસ્તીનો – ઉલ્લાસનો જીવનમાં અનુભવ તેમ જ તેની અભિવ્યકિત.

## પ્રકરણ ૩ : આત્માનુભવ

ગઝલો, પદો તેમ જ ભજનો ધ્વારા પોતાના અદ્વૈતાનુભવની અભિવ્યકિત. 'સાગર'ની કવિતાનું વિશિષ્ટ લક્ષણ – 'સાગર'ના પ્રેમધર્મનું વિશિષ્ટ લક્ષણ, સૂફી માર્ગ અને અજાતવાદનો સમન્વય – પદો તેમ જ ગઝલોમાં દર્શાવેલો સાધનમાર્ગ – આત્મજ્ઞાનમાં ઉપદેશ – પ્રધાન પદોમાં તત્ત્વજ્ઞાનના સિધ્ધાંતોનું નિરૂપણ – પરમાત્મા સાથેની પોતાની એકતાના આનંદનું તેમ જ મસ્તીનું પ્રેમલક્ષણ ભકિતનાં પદોમાં નિરૂપણ – પદોમાં સૂફી અને પ્રેમલક્ષણાભકિત–ઉભયનો સમન્વય – પ્રેમયોગ ધ્વારા પરમાત્મા સાથેની એકતાનું દર્શન તેમ જ સૂફી પરિભાષા ધ્વારા પદોમાં ઇશ્કે હકીકીના સિધ્ધાન્તોનું નિરૂપણ – પ્રભાતિયાં તેમ જ ગરબીઓમાં મનોનાશ ધ્વારા અનન્ય પ્રીતિયોગ – 'સાગર' ની સાધનાનો માર્ગ.

### ગઝલો ધ્વારા આત્માનુભવની અભિવ્યકિત :

પ્રેમલક્ષણા ભકિત તેમ જ સૂફી પરિભાષા ધ્વારા ગઝલોમાં પણ પરમાત્મા સાથેની એકતાના ઉલ્લાસનું નિરૂપણ – જગત પ્રત્યે લાપરવાહી– બાહ્યાડંબર પરના કટાક્ષો – સૂફી તત્ત્વજ્ઞાનના સિધ્ધાન્તોનું આવિષ્કરણ – અભિવ્યકિત લાક્ષણિક છટાઓ – પૂર્ણપદની પ્રાપ્તિના આત્માનુભવના ઉલ્લાસના ઉદ્ગારો – સંતવાની – નરસિંહ, મીરાં, કબીર, અખાજી, દયારામ અને કાઝી અનવર સાથે 'સાગર'નું

વિચારસામ્ય - અખાજીની માફક અજ્ઞતવાદ અને સૂફીવાદનો સમન્વય - 'સાગર'ની આત્માનુભવી કવિ તરીકે લાક્ષણિકતા - ગરબી, પ્રભાતિયાં, ગરબો, કાફી, પદો, ભજનો અને ગઝલો-ઊર્મિકાવ્યના વિવિધ પ્રકારો ધ્વારા પ્રેમલક્ષણા અને સૂફી એમ ભક્તિના ઉભય પ્રકારો ધ્વારા-લાક્ષણિક રીતે આત્માનુભવની અભિવ્યક્તિ - પ્રેમજ્ઞાનની એકતા - પૂર્ણપદની પ્રાપ્તિના આત્માનુભવના 'સાગર'ના ઉદ્ગારો.

<u>પ્રકરણ ૪ : 'સાગર'ની કવિતા - મૂલ્યાંકન</u>

'દીવાને સાગર' દફતર ૧ અને ૨, 'થાકેલું હૃદય' કથાકાવ્ય તેમ જ 'સાગર'નાં સાઠ જેટલાં અપ્રસિધ્ધ કાવ્યોનો ભાવ તેમ જ સ્વરૂપની દષ્ટિએ રજૂ કરેલો અભ્યાસ.

<u>: ૧ : છંદો બધ્ધ કાવ્યો :</u>

'સાગર'ની આત્મસાધના પૂર્વેનાં ઇ.સ. ૧૯૧૦ સુધીનાં આત્મવિશ્લેષણાત્મક કાવ્યોની તેના આન્તર તેમ જ બાહ્ય સ્વરૂપની દષ્ટિએ અભ્યાસ.

: ૨ : ઇ.સ. ૧૯૧૦ પછીનાં છંદોબધ્ધ કાવ્યોનું તેમ જ અપ્રસિધ્ધ કાવ્યોનું મૂલ્યાંકન.

: ૩ : <u>થાકેલું હૃદય</u> કાવ્યનું કથાકાવ્ય તરીકે મૂલ્યાંકન.

: ૪ : <u>ગીતો</u> - શબ્દમાધુર્ય, સંગીતક્ષમતા, ઉપાડ, અનુપ્રાસ અને લય પરત્વે 'સાગર'ની લાક્ષણિકતાનું દર્શન - ગીતોનું મૂલ્યાંકન. ગીતોની અભિવ્યક્તિમાં વિચારસાતત્ય, તર્કબધ્ધ રજૂઆત અને બુધ્ધિના સંસ્પર્શનો અભાવ - મર્યાદા - પ્રબળ ઊર્મિનું ઉત્કટ આલેખન - 'સાગર'ના ગીતોનું મહત્ત્વનું પ્રદાન.

<u>: ૫ : પ્રભાતિયાં :</u>

'દીવાને સાગર' દફતર ૧ અને ૨નાં પ્રભાતિયાં.

૬

બાહ્ય સ્વરૂપની દ્રષ્ટિએ નરસિંહના પ્રભાતિયાંની પ્રબળ અસર – ભાવની દ્રષ્ટિએ કબીર, નરસિંહ તેમ જ અખાની અસર.

ભાવપક્ષ: :૧: અજાતવાદના સિધ્ધાન્તો – વાસનાક્ષય, મનોનાશ, (૨) પ્રેમધર્મનાં લક્ષણો, (૩) ભક્તિજ્ઞાનનું અદ્વૈત, (૪) જગત વસ્તુતઃ શૂન્ય – મનોનાશ.

વૃત્તિવિલય તેમ જ મન, બુધ્ધિ અને ચિત્તની નિર્વિકલ્પતા ધ્વારા બ્રહ્મનો સાક્ષાત્કાર – આટલાં તત્ત્વોનું નિદર્શન – 'સાગર'ના અજાત અનુભવની અભિવ્યક્તિ.

કલાપક્ષ: :૧: સરળ, સચોટ, વેધક અને પ્રાસાદિક અભિવ્યક્તિ પાછળ આત્માનુભૂતિનું બળ – જીવનાનુભવનો સાચો રણકાર, :૨: ઊર્મિસંસ્પર્શ, :૩: અર્થગાંભીર્ય અને ગહનતા, :૪: શબ્દ-વર્ણ પુનરાવર્તન, અનુપ્રાસ તેમ જ શબ્દલાલિત્ય ધ્વારા સંગીતક્ષમતા – પ્રભાતિયાંની પરંપરામાં 'સાગર'નું લાક્ષણિક પ્રદાન.

:૬: ગરબા–ગરબી :

'દીવાને સાગર' દફતર ૧ તેમ જ ૨ના ગરબા :

ગરબાના બાહ્યસ્વરૂપની દ્રષ્ટિએ દયારામ અને ન્હાનાલાલની અસર.

ગોપીભાવે– શ્રી કૃષ્ણના વિરહ તેમ જ મિલનના નાજુક ભાવોનું ઊર્મિયુક્ત આલેખન – પ્રેમધર્મના તાત્ત્વિક સિધ્ધાંતોની અભિવ્યક્તિ.

કલાદેહ-ગરબાના ઢાળમાં પ્રેમતિથિઓ – ગરબાના બાહ્ય સ્વરૂપ – ઉપાડ તેમ જ ઢાળ પરત્વે 'સાગર'નું પ્રદાન – શબ્દમાધુર્ય, સંગીતક્ષમતા, સરળ પ્રાસાદિક બાની, 'સાગર'ની લાક્ષણિકતા.

ગરબીઓ: 'દીવાને સાગર' દફતર ૧ તેમ જ ૨ની ગરબીઓનું આન્તર તેમ જ બાહ્ય સ્વરૂપની દ્રષ્ટિએ મૂલ્યાંકન.

<u>આન્તરસ્વરૂપ</u>: પ્રેમલક્ષણા ભક્તિ – રાધાકૃષ્ણના વિરહ – મિલનના ઋજુ ભાવોનું આલેખન – તાત્ત્વિક અર્થઘટન – ભાવ પરત્વે મીરાંબાઇ અને દયારામની પ્રબળ અસર – ઇશ્કે મિઝાજી તેમ જ ઇશ્કે હકીકી વચ્ચેનો તાત્ત્વિક ભેદ – સૂફીવાદની ભાવના તેમ જ અદ્વૈતવાદના સિધ્ધાંતોનું નિરૂપણ – આત્માનુભવ માટે અનન્ય પ્રેમ – ભક્તિ, દૃઢવૈરાગ્ય અને પુરુષાર્થનું મહત્ત્વ – અદ્વિતીય ગુરુભક્તિ – પરમાત્માનું નામસ્મરણ – રાગ-ત્યાગથી પર આત્માનુભવની દશા.

<u>બાહ્ય સ્વરૂપ</u>: : ૧ : ગરબીઓના ઉપાડ અને આયોજન પરત્વે મીરાંબાઇ અને દયારામની પ્રબળ અસર – લોકગીતના ઢાળનો વિનિયોગ, : ૨ : રચનાબંધની વિશેષતા, : ૩ : શ્લેષ, પ્રતીક, ઉપમા, રૂપક, તેમ જ સંવાદશૈલી ધ્વારા સચોટ અભિવ્યક્તિ, : ૪ : પ્રાસાદિકતા, અર્થગાંભીર્ય, ઊર્મિયુક્ત આલેખન – ચિત્રાત્મકતા, શબ્દલાલિત્ય, સંગીતક્ષમતા – મૂલ્યાંકન.

<u>: ૭ : પદો-ભજનો</u> : 'દીવાને સાગર' દફતર ૧ તેમ જ ૨નાં પદો – ભજનોનું વર્ગીકરણ. <u>પદો</u> : : ૧ : આત્મજ્ઞાન, : ૨ : ભક્તિ, વૈરાગ્ય, : ૩ : પ્રેમલક્ષણા ભક્તિ, : ૪ : સૂફીવાદ, : ૫ : બોધાત્મક, : ૬ : અવળવાણી-<u>ભજનો</u> : ૧ : આત્મજ્ઞાન – જ્ઞાનમાર્ગની પરંપરાનાં ભજનો, : ૨ : ધનચક્કરનાં ભજનો, : ૩ : અવળવાણીનાં ભજનો.

<u>પદો-ભજનોનું કલાદૃષ્ટિએ મૂલ્યાંકન :</u>

: ૧ : સચોટ, વેધક, ગહન અભિવ્યક્તિ પાછળ આત્માનુભૂતિનું બળ, : ૨ : શબ્દમાધુર્ય, સંગીતક્ષમતા – અર્થગાંભીર્ય – નાટયાત્મકતા, : ૩ : અજાત અનુભવની અભિવ્યક્તિમાં ઉપમા, રૂપક, દૃષ્ટાંત શૈલી તેમ જ પ્રતીકોનો વિનિયોગ, : ૪ : હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષાના શબ્દોનું વિચિત્ર છતાં મનોહારી મિશ્રણ, : ૫ : સંતપાની-મસ્તી, : ૬ : અજાતવાદ અને સૂફીવાદની પરિભાષાનો વિનિયોગ,

:૭: અજાતવાદ અને સૂફીવાદનું સામંજસ્ય – :૮: શૃંગારની પરિભાષામાં પ્રેમલક્ષણા તેમ જ સૂફીભક્તિના – ઉભય પ્રકારે સનમ સાથેના મિલન, ઐક્યનો આનંદ, વિભિન્ન ભાવદશાઓની અભિવ્યક્તિ, :૯: કબીર, મીરાંબાઇ, અખાજી તેમ જ દયારામની પ્રબળ અસર.

:૮: ગઝલો : 'દીવાને સાગર' દફતર ૧ તેમ જ ૨ ની ગઝલોનું મુદ્દાઓની દૃષ્ટિએ મૂલ્યાંકન :

:૧: વિષયસ્વરૂપ, :૨: છંદોવિધાન, :૩: ભાષા,શૈલી, :૪: ઉપમા, રૂપક, દૃષ્ટાંત કે પ્રતીક ધ્વારા આત્માનુભવની અભિવ્યક્તિ.

'દીવાને સાગર' દફતર ૧ના ત્રીજા તબક્કાની તેમ જ 'દીવાને સાગર' દફતર ૨ ની ગઝલોની લાક્ષણિકતા :

:૧: અર્થગાંભીર્ય, શબ્દલાલિત્ય, સંગીતક્ષમતા, :૨: વિભિન્ન પ્રકારના ઉપાડ, :૩: ઉપમા, રૂપક, દૃષ્ટાંત કે પ્રતીક ધ્વારા આત્માનુભવની અભિવ્યક્તિની વિભિન્ન છટાઓ, :૪: સનમ સાથેની ઐક્તાના આનંદની – સ્વાનુભવની અભિવ્યક્તિ, :૫: વિભિન્ન છંદો પરનું પ્રભુત્વ, ભાવની સચોટ અભિવ્યક્તિ માટે છંદની સુશ્લિષ્ટ રચના – ઔચિત્યપૂર્વક ઉપયોગ – હઝજ, રમલ, મુતદારિક અને ઝાફિર છંદોના નવા ઉપભેદોની રચના – પ્રાસયોજના તેમ જ રચનાબંધ પરત્વે સાગર નું મૌલિક પ્રદાન, :૬: અજાતવાદ – સૂફીવાદના સિધ્ધાંતોની શૃંગારની પરિભાષા ધ્વારા અભિવ્યક્તિ, :૭: જડ બાહ્યાચાર તેમ જ શુષ્ક કર્મકાંડ પ્રત્યે કટાક્ષો, :૮: સચોટ, વેધક, અભિવ્યક્તિ પાછળ અનુસ્યૂત આત્માનુભૂતિનું બળ, મસ્તી અને ખુમારી – 'સાગર'ની ગઝલોનું વ્યાવર્તક લક્ષણ – ગઝલની પરંપરામાં 'સાગર'નું વિશિષ્ટ પ્રદાન.

:૯: સાખી, કાફી, તિથિ, વાર, કક્કા, મહિના તેમ જ આરતી :

આ કાવ્ય પ્રકારોનું બાહ્ય સ્વરૂપની દૃષ્ટિએ મૂલ્યાંકન.

.....

## વિભાગ ૩ : તત્ત્વચિંતક તરીકે 'સાગર'

### પ્રકરણ ૧ : અજાત અનુભવની સૈધ્ધાંતિક સમાલોચના

અજાતવાદના મૂળભૂત સિધ્ધાંતો – માયાનું મૂળ મનની કલ્પના – ભિન્નરૂપાત્મક વિશ્વનું અસત્યત્વ – બ્રહ્મનું વિશ્વ તરીકે દર્શન અસત્ય, બ્રહ્મ તરીકે સત્ય – શ્રી શંકરાચાર્યનું કેવલાદ્વૈત – વિવર્તવાદ – જગત પરબ્રહ્મનો વિવર્ત – માયા દૂર થતાં વિશ્વનો પરબ્રહ્મરૂપે અનુભવ – કાર્ય–કારણનો સિધ્ધાંત શ્રી શંકરાચાર્યનો સત્‌કારણવાદ.

### પ્રકરણ ૨ : સૂફી વિચારધારા

સૂફીવાદના મુખ્ય સિધ્ધાન્તો – મહુમ્મદ શબીસ્તરીના 'ગુલ્શને રાઝ'માં દર્શાવેલા સૂફીવાદના મુખ્ય સિધ્ધાન્તોની ચર્ચા – જલાલુદ્દીન રુમી સાહેબના 'મસ્નવી'માંથી સૂફીવાદના સિધ્ધાંતોની ચર્ચા – સંત રાબિયા, ઝૂલનુન, અલ્ મિસરી, અબુયાઝીદ–બયાઝીદ અલ્ બિસ્તામી, અલ્ હલ્લાજ, મનસૂર તેમ જ કલાબધીના સૂફીવાદના સિધ્ધાન્તોની વિગતે ચર્ચા.

### પ્રકરણ ૩ : 'સાગર'નું તાત્ત્વિક દર્શન

: ૧ : <u>સૂફી તરીકે સાગર</u> : પ્રથમ તબક્કો ઇ.સ. ૧૯૦૧–૧૧ – જગત પ્રત્યેનો દૃઢ વિરાગ, વિશુધ્ધ હૃદયે પશ્ચાતાપ અને પરમાત્મકૃપાની યાચના – અન્તરાવલોકન, 'સાગર'ના જીવનવૃક્ષનો મૂલ પાયો. બીજો તબક્કો ઇ.સ. ૧૯૧૨–૧૫ – ફના – આત્મસમર્પણ અને પ્રેમની અનન્યતા – બાહ્યાભ્યંતર સૂફી ફકીર તરીકેનું જીવન – જગતભરના પ્રેમચિંતકોના અભ્યાસનો નિષ્કર્ષ, પ્રેમધર્મ – પ્રેમનો માર્ગ તે ફના – આત્મસમર્પણ – પ્રણયયોગીની તપશ્ચર્યા, સહનશીલતા, ફકીરી જીવન, પરમાત્મામાં દૃઢ શ્રધ્ધા, નમ્રતા, ધર્મનિષ્ઠા, હૃદયની વિશુધ્ધિ, પ્રેમની અનન્યતા, સૂફી ફકીરનાં આ લક્ષણોનું 'સાગર'ના જીવનમાં થતું દર્શન.

અસંગ તેમ જ તપ ધ્વારા હૃદયની વિશુધ્ધિ અને વાસનાક્ષય માટે હિમાચલનિવાસ - વાસનાક્ષય - મનોનાશ માટે ગોપી જેવી ભકિતની લીનતાનું મહત્ત્વ - પ્રેમમય જીવન, 'સાગર'ની આત્મસાધનાનો માર્ગ - શૃંગારની પરિભાષા ધ્વારા સનમ સાથેની પોતાની એકતાના સ્વાનુભવની ઝાંખી - ઇ.સ. ૧૯૧૫ પછીનાં પદો, ભજનો અને ગઝલોમાં આત્માનુભવની અભિવ્યકિત.

ત્રીજો તબક્કો - ઇ.સ. ૧૯૧૫-૩૬ - સનમ સાથેની એકતાનો સ્વાનુભવ માણતા 'સાગર' - ચિત્રાલ તા. પાદરામાં આશ્રમમાં નિવાસ - સૂફીવાદ તેમ જ અદ્વૈતવાદનો સમન્વય - આત્માનુભવી સંત 'સાગર'ની લાક્ષણિકતા.

: ૨ : <u>સાગરે સ્વીકારેલા સૂફીવાદના સિધ્ધાન્તો</u> :

: ૧ : સનમસ્વરૂપ - ઇશ્કે હકીકી - બ્રહ્મસનમનું જ અધિષ્ઠાન - : ૨ : પરમાત્મપ્રેમ માટે ફના - સર્વસ્વ સમર્પણ એ જ પ્રેમયોગનું અગત્યનું લક્ષણ - : ૩ : સનમ પ્રત્યેના પ્રેમ ધ્વારા ઐહિક વાસનાઓનો ત્યાગ - ઊર્ધ્વીકરણ - પોતાની અહંતાનો પરબ્રહ્મમાં લય - : ૪ : મુર્શિદ કલાપી પ્રત્યેની કૃતજ્ઞતા - : ૫ : પ્રેમયોગ ધ્વારા સનમની કૃપા.

: ૩ : <u>સૂફી 'સાગર'ની સાધનાનો ક્રમ</u> :

અનન્ય પ્રેમ, હૃદયની વિશુધ્ધિ, વાસનાક્ષય અને મનોનાશ - આનંદસમાધિ (Ecstacy)ની દશાનો, અનલહક્કની સ્થિતિનો સ્વાનુભવ.

<u>અદ્વૈતવાદી તરીકે 'સાગર'</u>

: ૧ : <u>પરમાત્મસ્વરૂપ</u> :

'સાગર' અદ્વૈતવાદી હોઇ શ્રી ગૌડપાદાચાર્યના તત્ત્વજ્ઞાનનો સ્વીકાર - અપરિમિત ઘનચક્ર-અનિર્વાચ્ય અનન્તાદ્વૈત પરબ્રહ્મનું નિર્ગુણ છતાં સગુણ અને સગુણ છતાં નિર્ગુણ સ્વરૂપ - 'સાગરે' સ્વીકારેલું પ્રણવમંત્રનું

મહત્ત્વ – જગત વસ્તુતઃ પરબ્રહ્મનું જ સગુણ સ્વરૂપ – દેહાધ્યાસનું નાનકડું 'હું' ઓગળી જતાં જગતનું બ્રહ્મસ્વરૂપે થતું દર્શન – જીવ અને શિવ, પિંડ અને બ્રહ્માંડ વસ્તુતઃ એક જ – પરમાત્માપ્રેમ દ્વારા જીવાત્માનું પરમાત્મામાં સર્વતઃ આત્મીકરણ થતાં 'સાગર'ને થયેલો જીવ– શિવની એકતાનો અનુભવ – સૂફીવાદની પરિભાષામાં પરમાત્મસ્વરૂપ – હકીકતની સ્થિતિ – બકા–બાદ્–ઉલ્–ફના ના સ્વાનુભવ માટેનો માર્ગ – આશકના વ્યક્તિત્વનો પ્રેમબ્રહ્મમાં લય – પ્રભુમાં સર્વસ્વ સમર્પણ – ફના–ફી–લ્લાહ – સનમ અણલિંગી બ્રહ્મ – પ્રેમરૂપ બ્રહ્મમૂર્તિ – સર્વાતીત છતાં સૌમાં વ્યાપ્ત – પ્રેમ અને શ્રધ્ધાનું મહત્ત્વ – પ્રેમલક્ષણા તેમ જ સૂફી ભક્તિ, ઉભય પ્રકારે 'સાગર'ની ઉપાસના – સગુણ નિર્ગુણ ઉભયથી પર – પરમાત્માની પ્રાપ્તિ માટે અલૌકિક પ્રીતિયોગનું જ મહત્વ – પરમાત્મપ્રાપ્તિ માટે સદ્ગુરુનું મહત્ત્વ – અખાજીની પ્રણાલિકાના સંત રતનબા તેમ જ મીરાંબાઈની નિર્ગુણ કૃષ્ણભક્તિનો સ્વીકાર – 'સંતોની વાણી'માં પરમાત્મપ્રાપ્તિ માટે ગુરુ–ગોવિંદની એકતાનું મહત્ત્વ.

: ૨ : <u>જગતસ્વરૂપ :</u>

'અપ્રસિધ્ધ અક્ષયવાણી'ની ટીકામાં કેવલાદ્વૈત અને અજાતવાદની દૃષ્ટિએ જગતસ્વરૂપ અંગેના તાત્ત્વિક ભેદની ચર્ચા – કેવલાદ્વૈત મત – જગતની ઉત્પત્તિનું મૂળ કારણ – અવિદ્યા, માયા – વ્યાવહારિક સત્તામાં જગતના અસ્તિત્વનો સ્વીકાર – અજાતવાદ – વસ્તુતઃ જગતના અસ્તિત્વનો ત્રણે સત્તામાં ઇન્કાર – જગત–બ્રહ્મનું અદ્વૈત – માયાના ભાવરૂપાત્મક અસ્તિત્વ (Positive entity) નો ઇન્કાર. મન એ જ માયા – મનની વૃત્તિને લીધે જ જગતનું જગતરૂપે થતું દર્શન – મનની વૃત્તિઓ અંતર્મુખ થતાં જગતનો લય અને પરબ્રહ્મસ્વરૂપે અનુભવ – વસ્તુતઃ જીવ, જગત અને ઇશ્વરના અસ્તિત્વનો ઇન્કાર – સૂફીમત

પ્રમાણે પ્રેમ જગતનું ઉત્પત્તિકારણ તેમ જ નિર્વાહક તત્ત્વ-પરમાત્મપ્રેમ ધ્વારા હું પણાનો લય થતાં સમષ્ટિમાં પરબ્રહ્મનું થતું દર્શન.

: ૩ : જીવસ્વરૂપ :

વસ્તુતઃ પરબ્રહ્મ સિવાય બીજા કશાના અસ્તિત્વનો ઇન્કાર – પોતાના મનની વૃત્તિ એ જ જીવાત્માના જીવપણાનું મૂળ – નામરૂપ સાથેનો પોતાનો સંબંધ અદૃશ્ય થતાં, જીવાત્માની પોતાના મૂળ સ્વરૂપ – પરબ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ – પોતાનું નાનકડું 'હું'– અહંતા, મનની વૃત્તિ જીવાત્માના બંધનનું કારણ – હુંપણાનો વિલય એટલે જીવન્મુક્તિ – જીવન્મુક્તિ અનુભવવા માટે શિવાત્મક પ્રવાહમાં જીવાત્માની પોતાની પ્રવૃત્તિઓના લય માટે ગુરુગમનું – ગુરુશરણનું મહત્ત્વ – અનન્ય પ્રીતિયોગ ધ્વારા જ જીવાત્માનું પરમાત્મામાં સર્વતઃ આત્મીકરણ – વાસનાક્ષય અને મનોનાશ ધ્વારા બ્રહ્માનુભવ – વસ્તુતઃ જીવાત્મા અને પરમાત્માની મૂળભૂત એકતા – મનને સર્વોપરિ સત્યમાં લગાડવું, કેદ કરવું, શમાવવું અને બ્રહ્મરૂપે વિસ્તારવું એ જ જીવાત્માનો પુરુષાર્થ.

: ૪ : 'સાગર'ની આત્મસાધનાનો માર્ગ :

'દીવાને સાગર' દફતર ૨ માં 'વતનનું ભજનમાં' ધનચક્કરનો નકશો, પ્રભાતનો નકશો (અપ્રસિધ્ધ)આપણી છબિનો નકશો (અપ્રસિધ્ધ) ફિલમ્, 'આમલીનો ધર્મમાં' સૂત્રો તેમ જ 'ધનચક્કરના નકશાની ગાઇડમાં' તેમ જ તેમની વાણીમાં 'સાગરે 'સમજાવેલો આત્મસાધનાનો માર્ગ – વેદાંત તત્ત્વજ્ઞાનની પરંપરાના પ્રવાહની 'આપણી છબિના નકશા ધ્વારા તેમ જ 'પ્રભાતના નકશા' ધ્વારા આત્માનુભવના પ્રદેશની સમજૂતી – જીવાત્માના અંતઃકરણ ચતુષ્ટયને અનુલક્ષીને પરમાત્મપ્રાપ્તિ માટેના ચાર વિભિન્ન માર્ગો તેમ જ પોતાની સાધનાનો માર્ગ 'સાગર રાહ' દર્શાવતો 'અપરિમિત ધનચક્કરનો નકશો.'

'સાગર'ની આત્મસાધનાના ક્રમિક પગથિયાં - પહેલું પગથિયું :
હૃદયની વિશુધ્ધિ :

આત્મસાધનાના પ્રારંભ માટે હૃદયની વિશુધ્ધિનું મહત્ત્વ - ચિત્તશુધ્ધિ - હૃદયશુધ્ધિ માટેનું મુખ્યસાધન, અનન્યભક્તિ - મિ.'હું' અને તેના સંબંધીઓ સાથેનો સંબંધ તોડી નાંખી, હૃદયની વિશુધ્ધિ માટે વિવેકબુધ્ધિ - નિશ્ચયાત્મિકા બુધ્ધિનું સાગરે દર્શાવેલું મહત્ત્વ - 'દિલમૂના' સૂત્રોમાં સાગરે દર્શાવેલાં વૈરાગ્યનાં બે મૂળભૂત લક્ષણો - જગતનો આન્તરત્યાગ અને પરમાત્મા પ્રત્યેનો રાગ. હૃદયની વિશુધ્ધિ એટલે (૧) દુનિયાદારીની ભાવનાઓ ખાલી કરવી અને (૨) હરિનામના જપની દિલમાં રસી મૂકવી - આ માટે આપેલાં બે સૂત્રો : ૧ : 'Evacuate' 'ખાલી કરો', : ૨ : 'Inoculate' 'રસી મૂકો.' વૈરાગ્ય દ્રઢીભૂત કરવા માટે એ પ્રકારનો સતત અભ્યાસ આવશ્યક - અભ્યાસ વડે વૈરાગ્ય અને વૈરાગ્યવૃત્તિ વડે અભ્યાસ - એમ બન્ને એક બીજાનાં પૂરક સાધનો - અભ્યાસ અને વૈરાગ્ય ધ્વારા જ વિવેકબુધ્ધિનો હૃદયમાં ઉદય - અભ્યાસ, વૈરાગ્ય અને વિવેકબુધ્ધિ ધ્વારા હૃદયની વિશુધ્ધિ, 'સાગર'ની સાધનાનું પ્રથમ સોપાન.

બીજું પગથીયું : પ્રેમની અનન્યતા :

અનન્યતા સમજાવવા માટે સાગરે આપેલું સૂત્ર - 'હૃદયમાં પ્રભુનામ પૂર્ણ ભરી દો' - 'Fill' - પરમાત્મા પ્રત્યેની અનન્ય વૃત્તિનું પ્રેમયોગમાં મહત્ત્વ - અનન્યતા એટલે -ફના- આત્મસમર્પણ - પરમાત્મપ્રેમ માટે ફના થઇ જવાની વૃત્તિ - પ્રેમની અનન્યતા માટે દ્રઢતા - અસંગ, આત્મપરીક્ષણ, સ્થૂલની પ્રબળ ઉપેક્ષા, આત્મબળ, પરમ સાત્વિકતાનું જીવનમાં પાલન ; જીવાત્માનો અંદરનો પ્રવાસ અને તે માટે એકાન્ત, સત્સંગ, સંતસમાગમ અને સંતસેવાને સાગરે ગણાવેલાં આનુષંગિક સાધનો - શ્રવણ, મનન, અને નિદિધ્યાસનું સાગરે સ્વીકારેલું મહત્ત્વ - અદ્વિતીય

ગુરુભક્તિ અને પરમાત્મપ્રેમની અનન્યતાને અભિન્ન ગણાવી વેદાન્ત અને ભક્તિમાર્ગનો સાગરે કરેલો સમન્વય – પ્રેમનું અધિષ્ઠાન સદ્ગુરુનું જ હોવું અનિવાર્ય – પુરુષાર્થ તેમ જ ષડ્સાધનની આવશ્યકતા.

<u>ત્રીજું પગથીયું : વાસનાક્ષય – મનોનાશ :</u>

હૃદયની વિશુધ્ધિ અને પરમાત્મપ્રેમની અનન્યતા ધ્વારા હુંપણાનો ત્યાગ–વાસનાક્ષય અને મનોનાશ – જીવાત્માના સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરનો પરમાત્મામાં લય કરવા માટે ત્રીજું મહત્વનું સોપાન – હૃદયની વિશુધ્ધિ અને પ્રેમની અનન્યતા ધ્વારા વાસનાક્ષય – મનોનાશ ધ્વારા પ્રજ્ઞાન – અપરોક્ષાનુભવ – 'સાગર-રાહ'માં દર્શાવેલા ક્રમ – ષડ્સંપત્તિમાંનાં પ્રથમ શમ અને દમનું મનોનાશ માટે સાગરે સ્વીકારેલું મહત્ત્વ.

પ્રેમની અનન્યતા ધ્વારા ચિત્તની એકાગ્રતા સાધી ઇન્દ્રિયદમન-વાસનાક્ષય અને મનોનાશ ધ્વારા લક્ષ્યબિન્દુની પ્રાપ્તિ – 'સ્વયં અનુભવો' 'Realize' – આત્માનુભવી 'સાગર'ના તત્ત્વદર્શનની ફલશ્રુતિ.

<u>તત્ત્વચિંતક તરીકે 'સાગર'નું મહત્ત્વનું પ્રદાન :</u>

'ધનચક્કરના નકશામાં 'સાગરરાહ' – આત્મસાધનાનાં ત્રણ ક્રમિક પગથિયાં : ૧ : અંતઃકરણ – હૃદય વિશુધ્ધિ, : ૨ : અનન્યતા, : 3 : વાસનાક્ષય – મનોનાશ. દ્વારા આત્માનુભવ.

ગુજરાતમાં અદ્વૈત તત્ત્વજ્ઞાનની ત્રણ વિભિન્ન વિચારધારાઓના પ્રવાહો – અજાતવાદ, કેવલાદ્વૈત અને સૂફીવાદ.

અદ્વૈત તત્ત્વજ્ઞાનની ગુજરાતની વિચારધારામાં અજાતવાદ અને સૂફીવાદનો સ્વાનુભવ વડે સમન્વય કરનાર આધુનિક તત્ત્વચિંતક તરીકે 'સાગર'નું અદ્વિતીય સ્થાન ગુજરાતના અદ્વૈત તત્ત્વચિંતકોની હરોળમાં 'સાગર'નું સ્થાન – ગુજરાતમાં સૂફીવાદની વિચારધારાના

પુરસ્કર્તા તરીકે પણ 'સાગર'નું અદ્વિતીય સ્થાન.

<u>પ્રકરણ ૪ : 'સાગર'ની ઐહિક વિચારણા</u>

આત્માનુભવ પ્રાપ્ત કર્યા પછી બાહ્ય જગતનો ત્યાગ કર્યા વિના ગૃહસ્થાશ્રમની બધી જ જવાબદારીઓ અદા કરી ચિત્રાલ તા. પાદરામાં પર્ણકુટિ બાંધીને સાગરે વીતાવેલું શેષજીવન - જીવનના વ્યવહાર દરમિયાન પૂર્ણ ધાર્મિક જીવન - પ્રત્યેક કાર્ય ધર્મરૂપ હોવું અનિવાર્ય - ધાર્મિક જીવન દ્વારા પૂર્ણતાની પ્રાપ્તિ માટે સાગરે કરેલાં વિવિધ સૂચનો - કેળવણી, જગતસેવા અને સુધારણા, રૂઢિના જડ નિયમોની અનાવશ્યકતા, વર્ણાશ્રમ - વ્યવસ્થા, લગ્નમીમાંસા અને ઐહિકજીવન અંગેના બીજા સામાજિક પ્રશ્નોની વિચારણા - જીવનમાં ધર્મનું સ્થાન - સત્યને સર્વોપરિ સ્નેહથી ચાહવું - અસત્યને વીરત્વથી હઠાવવું એ જ સ્વધર્મ - જીવનની પ્રત્યેક સ્થિતિમાં પ્રભુપ્રીતિ સાથે એકતાર રાખીને જીવન વીતાવવું એ જ સર્વોપરિ ધર્મ - જગત પ્રત્યેના રાગનું પરમાત્મા પ્રત્યેના દૃઢ રાગમાં પરિવર્તન - અભક્તિ જ દુઃખનું, પાપનું, બંધનનું અને અજ્ઞાનનું કારણ - ભક્તિની અનન્ય વૃત્તિનું જીવનમાં મહત્ત્વ - મન, બુધ્ધિ અને ચિત્તની બધી લાગણીઓનું કાર્ય ભક્તિની અનન્ય વૃત્તિમાં પરિણમતાં મનનું આત્મામાં શમન - મનને કાયમને માટે આત્મામાં સમાવી શકે તે જ સંન્યાસી - જગતનો બાહ્ય ત્યાગ અને ભગવા વેષની અનિવાર્યતા સામે 'સાગર'ની દલીલો.

લગ્ન અને દંપતીધર્મ અંગેની વિચારણા - લગ્ન એટલે જ સ્ત્રીપુરુષનું સાચું ઐક્ય - જ્ઞાન, ડહાપણ, આસ્થા અને સત્ય એ પુરુષનાં તેમ જ સ્નેહ, દયા, માર્દવ, કોમળતા એ સ્ત્રીનાં લક્ષણો - આર્ય લગ્નનું મહત્ત્વ - બન્ને પરસ્પર એક બીજાનાં પૂરક બને એ જ

લગ્ન - જીવનની સાર્થકતા - કજોડાંની ચર્ચા - લગ્નજીવનમાં અપૂર્ણતા અંગેનાં કારણોની સમીક્ષા - સ્ત્રી-પુરુષના સમાન હકની અર્વાચીન ભાવનાની ચર્ચા.

<u>કેળવણી</u> : બાહ્ય કેળવણી કરતાં ગુણ સંસ્કાર પડવાના માબાપના કર્તવ્યની અનિવાર્યતા - વિશ્વ એક યુનિવર્સિટી - પોતાની દરેક લાગણીને ત્રીજા પુરુષની પેઠે ઇન્સ્પેક્ટર બનીને જોયા કરવાની - નિયમમાં રાખવાની 'સાગર'ની સલાહ - અનન્તના અભિજ્ઞાનના અર્થે જ કેળવણી.

જગતસેવા - સુધારણા, વર્ણાશ્રમવ્યવસ્થા અને એવા બીજા સામાજિક પ્રશ્નોની ચર્ચાના પાયામાં પરમાત્મા પ્રત્યેના દઢ રાગ ધ્વારા ધાર્મિક જીવનની પૂર્ણતા પ્રાપ્ત કરવાનું મનુષ્યનું ધ્યેય હોવું જોઇએ એ સૂર મુખ્ય.

.....

## વિભાગ ૪ : ગદ્ય લેખક તરીકે 'સાગર'

## પ્રકરણ ૧ : પત્રલેખક તરીકે 'સાગર'

" 'સાગર'ની પત્રરેખા"– ૭૨ વ્યક્તિઓ પર લખાયેલા ઐહિક વિચારણા તેમ જ અધ્યાત્મચિંતન રજૂ કરતા 'સાગર'ના ૨૬૨ પત્રો. :૧: વ્યક્તિઓ, :૨: વિષયસ્વરૂપ, :૩: જીવનના તબક્કાઓની દૃષ્ટિએ – પત્રોનું વર્ગીકરણ : પત્રોની ભાષા – શૈલીની વિભિન્ન છટાઓ – લાક્ષણિકતા તેમ જ પ્રેરક બળોની સદૃષ્ટાંત ચર્ચા – આલોચના – :૧: પત્રલેખક તરીકે 'સાગર'ની લાક્ષણિકતાઓ, :૨: 'સાગર'ના વ્યક્તિત્વના લાક્ષણિક ગુણો, :૩: 'સાગર'ની ગદ્યશૈલીની વિભિન્ન છટાઓ – આ ત્રિવિધ દૃષ્ટિએ પત્રોના અભ્યાસ.

:૧: પત્રલેખક તરીકે 'સાગર'ની લાક્ષણિકતાઓ :

:૧: વ્યાવહારિક દૃષ્ટિકોણથી ઐહિક તેમ જ આધ્યાત્મિક જીવનના તાત્વિક સિધ્ધાન્તોની સરળ, સાદી ભાષામાં સચોટ અભિવ્યક્તિ – વિશદ – તલસ્પર્શી ચર્ચા, :૨: પોતાની માનસદશા આત્મસાધના, પરમાત્મપ્રાપ્તિનો આનંદ, પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ – દૃઢ શ્રધ્ધા તેમ જ વૈરાગ્યભાવનાની અભિવ્યક્તિ, :૩: હૃદયનું ભાવૈક્ય સાધતા પત્રો – 'સાગર'ની આત્માનુભવયુક્ત વાની – વ્યક્તિત્વના જીવંતસ્પર્શનો અનુભવ કરાવતા પત્રો.

:૨: પત્રોમાં વ્યક્ત થતા 'સાગર'ના વ્યક્તિત્વના લાક્ષણિક ગુણો :

:૧: સ્પષ્ટવક્તાપણું, સત્યનિષ્ઠા, જીવનસિધ્ધાન્તોની નિર્ભિક રજુઆત – :૨: લાગણીશીલ મૃદુ, વિશુધ્ધ હૃદય, નમ્રતા, વિનય આદિ ગુણો, :૩: 'સાગર'નો આધ્યાત્મિક જીવનની પૂર્ણતા માટેનો પ્રવાસ. આંતરિક સંઘર્ષ, મનોમંથન, ભયસ્થાનો, સ્ખલનો, :૪: પરમાત્મપ્રાપ્તિ માટેનો અડગ નિશ્ચય – ધ્યેયપ્રાપ્તિ માટેનો

પ્રબળ પુરુષાર્થ – પરમાત્મા પ્રત્યેનો અનન્યપ્રેમ – દૃઢ શ્રધ્ધા અને જગત પ્રત્યેનો તીવ્ર વૈરાગ્ય – બ્રાહ્મી જીવનની અનુભૂતિનું દર્શન – આત્મસાધનાના માર્ગ અંગે મુમુક્ષુઓને ઉપદેશ – માર્ગદર્શન.

: ૩ : 'સાગર'ની ગદ્ય શૈલીની વિભિન્ન છટાઓ :

: ૧ : તત્ત્વજ્ઞાનના સિધ્ધાન્તોનું રસાન્વિત અન્વેષણ – સંવેગી આલેખન – સર્જકતાનું તત્ત્વ, : ૨ : ઊર્મિ – બુધ્ધિનું એકીકરણ, : ૩ : ઓજસ્–પ્રસાદ, સચોટતા, : ૪ : આત્માનુભૂતિની મસ્તી – જુસ્સો, : ૫ : સંક્ષિપ્તતા, સૂત્રાત્મકતા, વ્યાખ્યા–શૈલી, : ૬ : સરળતા, સ્પષ્ટતા, : ૭ : ઉપમા, રૂપક, દૃષ્ટાંત શૈલી, : ૮ : આત્માનુભવનો રણકાર અને વ્યક્તિત્વનો જીવંત સ્પર્શ, ગદ્ય શૈલીના વિભિન્ન નમૂના – મૂલ્યાંકન.

## પ્રકરણ ૨ : સંપાદક, સંશોધક અને વિવેચક તરીકે 'સાગર'

'સાગર'ના નીચેના સંપાદનોની તેની સંપાદનપધ્ધતિ, વિવરણ, માર્ગદર્શક ટીકા સંપાદકનો તે વિષયપરત્વેનો ઉપોદ્ઘાત – તેમાં રજૂ કરેલા સંપાદકના વિચારોની આલોચના અને આ સંપાદનોનું ગુજરાતી સાહિત્યમાં પ્રદાન – આ દૃષ્ટિએ સમીક્ષા.

: ૧ : 'ગુજરાતી ગઝલિસ્તાન', : ૨ : 'સંતોની વાણી', : ૩ : 'અપ્રસિધ્ધ અક્ષયવાણી' અર્થાત અખાકૃત કાવ્યો, ભાગ ૨ " 'કલાપી'નો કેકારવ" અને : ૫ : " 'કલાપી'ની પત્રધારા."

સંશોધક તરીકે 'સાગર' :

: ૧ : ગુજરાતી ગઝલસાહિત્યમાં ગુજરાતી ગઝલિસ્તાનનો ગઝલનો વિસ્તીર્ણ ઉપોદ્ઘાત અને માર્ગદર્શક ટીકા તેમ જ વિવરણ – 'સાગર'નું વિશિષ્ટ પ્રદાન – એમાં આપેલી સામગ્રીના વિશિષ્ટ મુદ્દાઓની ચર્ચા – છોટમ – દયારામથી 'સાગર' સુધીના ગઝલકારોની

ગઝલો – તે દરેકની લાક્ષણિકતા દર્શાવી શકય ત્યાં દષ્ટાંતો આપી ગુજરાતી ગઝલસાહિત્યનું દિગ્દર્શન કરાવતો 'સાગર'નો ઉપોદ્ઘાત – માર્ગદર્શક ટીકા તેમજ વિવરણ.

: ૨ : 'અખાજીની પ્રણાલિકા'ના સંતકવિઓની વાણીનો અભ્યાસ. સંશોધક તરીકે 'સાગર'નું વિશિષ્ટ પ્રદાન. સંતોની વાણીમાં અખાજીની પ્રણાલિકાનું વંશવૃક્ષ – સંતપરંપરાના સાહિત્યનો અભ્યાસ તેમ જ સંપાદન પ્રથમવાર – 'સંતોની વાણી' ને ડાયરીમાં સંશોધક – સાગરે અખાજીની પ્રણાલિકા વિશે ગુજરાતને આપેલી નવી દૃષ્ટિ તેમ જ માહિતી – અખાની પ્રણાલિકાની તેમ જ અન્ય સન્તોની પ્રસિધ્ધ તેમ જ અપ્રસિધ્ધ કૃતિઓની હસ્તપ્રતોનો સાગર નો અભ્યાસ – પરિશિષ્ટમાં આપેલી યાદી.

: ૩ : અપ્રસિધ્ધ અક્ષયવાણીમાં અખાના અપ્રસિધ્ધ ગ્રન્થો : ૧ : કક્કા, : ૨ : બારમાસ, : ૩ : સાત વાર, : ૪ : ભજનો, : ૫ : અવસ્થા નિરૂપણ, : ૬ : જકડી, : ૭ : ઝૂલણા, : ૮ : એકલક્ષરમણી, : ૯ : હિન્દી ભજનો – ટીકા ટીપ્પણ, અક્ષયવૃક્ષ અને પ્રસ્તાવનામાં પરિચય આપી આ કૃતિઓનું પ્રથમ વાર શાસ્ત્રીય પધ્ધતિથી સંપાદન – સંશોધનક્ષેત્રે 'સાગર'નું મહત્ત્વનું પ્રદાન.

: ૪ : "'કલાપી'નો કેકારવ" – "૫. "'કલાપી'ની પત્રધારા" 'કલાપી'ના શિષ્ય તરીકે પૂજ્યભાવથી કેકારવ તેમ જ પત્રધારાનું શ્રમપૂર્વક કરેલું સંપાદન – 'કલાપી'ની ડાયરી તેમ જ પત્રોમાંથી દૃષ્ટાંતો સાથે કાવ્યનાં મૂળભાવ દર્શાવતી માર્ગદર્શક ટીકા – આલોચના, 'સાગર'નું સંશોધનક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન.

વિવેચક તરીકે 'સાગર' :

: ૧ : " કલાપી અને તેની કવિતા" ઈંગ્રેજ લોકોની ગૃહસ્થિતિ, વેદમાંનું પદાર્થવિજ્ઞાન, અખાજીનું તત્ત્વજ્ઞાન જેવા વિવેચન–

લેખોમાં સાગરે રજૂ કરેલાં મંતવ્યો પરત્વે અભ્યાસ-આલોચના.

:૨: `અખાજીની પ્રાણાલિકા' તેમ જ `ગુજરાતીમાં ગઝલનું સાહિત્ય'- `સંતોની વાણી' તેમ જ `ગુજરાતી ગઝલિસ્તાન'નો ઉપોદ્ઘાત - "`કલાપી'નો કેકારવ" તેમ જ `અપ્રસિધ્ધ અક્ષયવાણી'ની ટીકા-વિવેચનલેખોમાંથી `સાગર'નું વિવેચક તરીકે મૂલ્યાંકન.

## પ્રકરણ ૩: `સાગર'નું અન્ય ગધસાહિત્ય

`સાગર'ના અન્ય ગધસાહિત્યમાં ચાર સંવાદો, બાર પુસ્તિકાઓ, `જ્ઞાનસુધા' અને `મોઢ બ્રાહ્મણ શુભેચ્છક' તેમ જ `મોઢ બ્રાહ્મણ'ના તંત્રીલેખો તેમ જ ડાયરી, નોંધનો સમાવેશ.

`સાગર'ના સંવાદો:

:૧: `મજનૂં જોગી અને ફિરિશ્તો', :૨: `શિવાજી અને તાનાજી', :૩: `ગુરુ મચ્છેન્દરનાથ અને ગુરુ ગોરખનાથ', :૪: `જયશિખરી અને રૂપસુંદરી'- ભાવના, ભાષા - શૈલી અને સંવાદ - તત્ત્વની દ્દષ્ટિએ આલોચના - `સાગર'ની નીચેની બાર પુસ્તિકાઓનો પરિચયાત્મક અભ્યાસ - સમીક્ષા -:૧: `મુમુક્ષુ વિચારણા', :૨: `સનાતન વિચારણા', :૩: `પ્રાર્થનાપોથી', :૪: `સ્વીડનબોર્ગનું ધર્મશિક્ષણ', :૫: `મહાત્મા વિવેકાનંદનું હૃદયબલ', :૬: `મહાત્મા એમર્સનનું પરમાત્મતત્ત્વ', :૭: `ઓમ્ પ્રભુજીના કક્કા', :૮: `ધર્મવિચારણા', :૯: `સંતોની વાતો', :૧૦: `ગીતાની વિચારણા', :૧૧: `ગીતાનુ હૃદય', :૧૨: `સ્ત્રીપુરુષ વિચારણા'.

તંત્રી તરીકે `સાગર':

`મોઢ બ્રાહ્મણ' તેમજ `મોઢ બ્રાહ્મણ શુભેચ્છક' ૧૯૦૮-૧૦ તેમ જ `જ્ઞાનસુધા' માસિકના તંત્રી તરીકે `સાગર'નું પ્રદાન - સમાજસુધારણા

વિષયક, તેમ જ સાહિત્યિક વિવેચનલેખો અને ગ્રન્થાવલોકનોનો પરિચયાત્મક અભ્યાસ – 'સાગર'ની ગદ્યશૈલીમાં લક્ષણો – મૂલ્યાંકન.

<u>વિચારક તરીકે 'સાગર' :</u>

'સાગર'ની ડાયરી – આધ્યાત્મિક વિચારણાની નોંધમાંના 'સાગર'ના અધ્યાત્મચિંતનના વિચારોનો અભ્યાસ – આલોચના.

<u>નવલકથા :</u>

'અજબજોગમા', અપ્રગટ અધૂરી નવલકથાનું પહેલું પ્રકરણ – પરિચયાત્મક અભ્યાસ – સમીક્ષા.

<u>ઉપસંહાર :</u> –

.....